

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 259
Dt.: 31-05-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


### નવા યુદ્ધ માટે ત્રણેય સેનાઓ એકજૂટ

# ઈન્ડિયન આર્મી ચીફે ઓપરેશન સિંદૂર ૨.૦ના સંકેત આપ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી ભારતીય સૈન્યના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શનિવારે એક અત્યંત મહત્ત્વનું નિવેદન આપતાં જણાવ્યું છે કે, ભારત અત્યારે ઓપરેશન સિંદૂર ૨.૦ માટે સંપૂર્ણ રીતે સજ્જ થઈ રહ્યું છે. પહલગામ આતંકી હુમલા બાદ પાકિસ્તાનની નાપાક હરકતોનો જડબાતોડ જવાબ આપવા માટે ભારતીય સેનાએ જે કડક વલણ અપનાવ્યું હતું, તે આજે પણ યથાવત છે. જનરલ દ્વિવેદીએ પાકિસ્તાનનું નામ લીધા વિના ભારતની સૈન્ય તૈયારીઓનો ઉલ્લેખ કરીને એક શક્તિશાળી સંદેશ આપ્યો હતો. તેમણે સંકેત આપ્યો કે ઓપરેશન સિંદૂર હજુ પણ સત્તાવાર રીતે ચાલુ જ છે અને હાલની શાંતિ એ દુશ્મનાવટમાં માત્ર એક ક્ષણિક વિરામ છે. જો ભવિષ્યમાં કોઈ નવું ઓપરેશન કરવાની જરૂર પડશે, તો માત્ર ભૂમિસેના જ નહીં, પરંતુ વાયુસેના અને નૌસેના પણ વળતો પ્રહાર કરવા માટે ૨૪ કલાક (24x7) તૈયાર છે. હાલમાં ત્રણેય પાંખ વચ્ચે પરસ્પર તાલમેલ વધારવા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જનરલ દ્વિવેદીએ આજના આધુનિક યુદ્ધક્ષેત્ર અંગે વાત કરતા જણાવ્યું કે, અત્યારે યુદ્ધનું મેદાન એટલું ખુલ્લું અને ડિજિટલ થઈ ગયું છે કે આપણી દરેક હિલચાલ પર દુશ્મનની નજર હોય છે. આ પરિસ્થિતિમાં આપણે સરહદ પર સૈનિકોની તહેનાતી, વ્યૂહનીતિ અને બોર્ડર નજીક રહેતા સામાન્ય નાગરિકોની સુરક્ષાને લઈને ખૂબ જ વધારે સતર્ક અને સાવધ રહેવું પડશે. ઈન્ફોર્મેશન વોરફેર (માહિતી યુદ્ધ) અંગે વાત કરતા સૈન્ય વડાએ કહ્યું કે, કોઈપણ દેશ ઈન્ફોર્મેશન વોરફેર ત્યારે જ જીતી શકે છે જ્યારે આખો દેશ સત્તાવાર માહિતી આપનારા તંત્રો પર ભરોસો રાખે અને એક થઈને ઊભો રહે. જ્યારે દેશના તમામ નાગરિકો અને હિતધારકો એકબીજા પર અતૂટ વિશ્વાસ રાખે છે, ત્યારે એ દેશની જીત હંમેશા નિશ્ચિત બને છે. ગત વર્ષે ૨૨ એપ્રિલના રોજ દક્ષિણ કાશ્મીરના પ્રખ્યાત પ્રવાસન સ્થળ પહલગામની બૈસરન ઘાટીમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં ૨૬ નિર્દોષ લોકોના મોત થયા હતા. આ કાયરતાપૂર્ણ આતંકી હુમલાના જવાબમાં ભારતીય સેનાએ ૭ અને ૮ મે ૨૦૨૫ની મધ્યરાત્રિએ પાકિસ્તાન સમર્થિત આતંકવાદ વિરુદ્ધ એક મોટું સૈન્ય ઓપરેશન શરૂ કર્યું હતું, જેને ઓપરેશન સિંદૂર નામ આપવામાં આવ્યું હતું.

### રાજસ્થાનના રણપ્રદેશમાં હોલિવૂડ જેવો નજારો

## શ્રીગંગાનગર-ચૂરુના રહેવાસીઓ ભયાનક બવંડરમાં ફસાઈ ગયા

**રાજસ્થાનમાં ૭૦ કિમીની ઝડપે ફૂંકાયેલા વાવાઝોડાએ ૩૦ મિનિટ સુધી વિવિધ શહેરોમાં તબાહી મચાવી દીધી**

(સંપૂર્ણ સમાચાર સેવા)જયપુર

રાજસ્થાનમાં ૭૦ કિમીની ઝડપે ફૂંકાયેલા વાવાઝોડાએ ૩૦ મિનિટ સુધી વિવિધ શહેરોમાં તબાહી મચાવી દીધી છે. વિઝિબિલિટી શૂન્ય થતાં વાહનોના પૈડાં થંભી ગયા હતા. રાજસ્થાનમાં અસહ્ય અને પ્રચંડ ગરમી વચ્ચે હવામાનમાં મોટો પલટો આવ્યો છે. ચૂરુ સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં ધૂળની ડમરીઓ સાથે તીવ્ર વાવાઝોડું ફૂંકાયું છે. આ ધૂળના વંટોળને કારણે એક સમયે દિવસ દરમિયાન જ જાણે રાત પડી ગઈ હોય તેવા દૃશ્યો સર્જાયા હતા, જેના લીધે વાહનોની ગતિ અને સામાન્ય જનજીવન થંભી ગયું હતું. જો કે, આ રેતાળ ચક્રવાતને કારણે કોઈ જાનમાલના નુકસાનના સમાચાર નથી.

રાજસ્થાનના સરહદી જિલ્લાઓમાં શનિવારે બપોરે કુદરતનું એક અદ્ભુત અને ડરામણું સ્વરૂપ જોવા મળ્યું હતું. ચૂરુ અને શ્રીગંગાનગરમાં બપોરે આશરે ૨ વાગ્યે અચાનક હવામાનનો મિજાજ બદલાઈ ગયો હતો. આકાશમાં ધૂળ અને રેતીનો એટલો વિશાળ વંટોળ ઉઠ્યો કે તેણે આખા સૂરજને ઢાંકી દીધો હતો. ધૂળનું આ ચક્રવાત એટલું ગીચ હતું કે જોતજોતામાં બપોરના સમયે જ ચારેય તરફ ઘનઘોર અંધારું છવાઈ ગયું અને વિઝિબિલિટી (દૃશ્યતા) ઘટીને લગભગ શૂન્ય થઈ ગઈ હતી. રસ્તાઓ પર દોડતાં વાહનો જ્યાંના ત્યાં થંભી ગયા હતા, અને વાહનચાલકોને થોડા મીટર દૂરનું જોવા માટે પણ ફરજિયાતપણે પોતાના વાહનોની હેડલાઈટ્સ ચાલુ કરવી પડી હતી. હવામાન વિભાગ અને સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ રેતાળ ચક્રવાત કોઈ સામાન્ય વાવાઝોડું નહોતું. આ તોફાન દરમિયાન પવનની ગતિ અંદાજે ૭૦ કિલોમીટર પ્રતિ કલાક માપવામાં આવી હતી. રેતીની આ વિશાળકાય દીવાલ આકાશમાં અંદાજે ૩૦ મિનિટ સુધી સતત આગળ વધતી રહી, જેના કારણે ડરના માર્યા લોકો પોતાના ઘરના બારી-બારણા બંધ કરીને અંદર ભરાઈ જવા મજબૂર બન્યા હતા.

આ ભયાનક રેતાળ તોફાન બાદ તરત જ કુદરતનું બીજું શાંત સ્વરૂપ જોવા મળ્યું હતું. ધૂળની ડમરીઓ શાંત થતાં જ આકાશમાંથી વરસાદી ટીપાં વરસવાનું શરૂ થઈ ગયું હતું. આ વાવાઝોડા અને વરસાદની જુગલબંધીએ છેલ્લા કેટલાક દિવસોથી ૪૫ ડિગ્રીને પાર ગયેલા પારાને અચાનક નીચે લાવી દીધો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ ચક્રવાત અને વરસાદના કારણે તાપમાનમાં સીધો ૮ ડિગ્રી સેલ્સિયસનો મોટો ઘટાડો નોંધાયો છે, જેનાથી સ્થાનિક લોકોને અસહ્ય બફારા અને લૂ(હીટવેવ) માંથી મોટી રાહત મળી છે.

### શાંતિની વાતો વચ્ચે અમેરિકાની મોટી કાર્યવાહી

## ૧ અબજ ડૉલરના ક્રિપ્ટો ફંડ જપ્ત કરતા ઈરાન સંકટમાં

**આ કાર્યવાહી ઈકોનોમિક ફ્યુરી અભિયાન હેઠળ કરવામાં આવી છે, જેનો હેતુ ઈરાનની નાણાકીય શક્તિને તોડી પાડવાનો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાએ ઈરાન વિરુદ્ધ આર્થિક દબાણ અભિયાનને વધુ તેજ કરી દીધું છે. વોશિંગ્ટને તેહરાનને મોટો આર્થિક ઝટકો આપતાં ઈરાન સાથે જોડાયેલા આશરે ૧ અબજ ડોલરના (રૂપિયા ૮૦૦૦ કરોડથી વધુ) ક્રિપ્ટોકરન્સી ફંડ જપ્ત કરી લીધા હોવાનો દાવો કર્યો છે. અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી અમેરિકાના ઓપરેશન ઈકોનોમિક ફ્યુરી અભિયાન હેઠળ કરવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ ઈરાનની નાણાકીય શક્તિને તોડી પાડવાનો છે.

ફોક્સ બિઝનેસના એક કાર્યક્રમમાં વાતચીત દરમિયાન ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટિએ જણાવ્યું કે, અમે ઈરાનના આશરે એક અબજ ડોલરના ક્રિપ્ટો ફંડને ફ્રીઝ કરી દીધા છે અને સીધા તેમના ડિજિટલ વોલેટ્સ પર કબજો મેળવી લીધો છે. તેમણે દાવો કર્યો કે, તાજેતરના અઠવાડિયામાં કરવામાં આવેલી સૈન્ય કાર્યવાહી અને આર્થિક પ્રતિબંધોએ ઈરાનને ગંભીર નાણાકીય સંકટમાં ધકેલી દીધું છે.

બેસેન્ટના મતે, છેલ્લા ૫ થી ૬ અઠવાડિયામાં અમેરિકી સૈન્ય અભિયાન અને આર્થિક દબાણે ઈરાનની કમર તોડી નાખી છે. દેશની આર્થિક સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે ઈરાનના સૈન્ય અને સુરક્ષા કર્મચારીઓને સમયસર પગાર પણ મળી રહ્યો નથી. આ સાથે જ ત્યાં મોંઘવારી આસમાને પહોંચી છે અને સરકારને લોકો માટે ફૂડ વાઉચર જેવી યોજનાઓ શરૂ કરવાની ફરજ પડી છે. અમેરિકી ટ્રેઝરી સેક્રેટરીએ ખુલાસો કર્યો હતો કે, માર્ચ ૨૦૨૫માં શરૂ કરાયેલા ઓપરેશન ઈકોનોમિક ફ્યુરી અંતર્ગત ઈરાનના બેંક ખાતાઓ, વિદેશી સંપત્તિઓ અને આખા ફાઈનાન્સિયલ નેટવર્કને નિશાન બનાવવામાં આવ્યું છે. અમેરિકા પોતાના યુરોપીયન સાથી દેશો સાથે મળીને ઈરાન સાથે જોડાયેલા આલીશાન બંગલા, વિલા અને અન્ય મિલકતોને પણ જપ્ત કરી રહ્યું છે.

બેસેન્ટે આક્ષેપ કર્યો હતો કે ઈરાનનું નેતૃત્વ વિવિધ માધ્યમો દ્વારા દર મહિને ૪૦ થી ૫૦ કરોડ ડોલર મેળવતું હતું, પરંતુ અમેરિકાની આ આકરી કાર્યવાહી બાદ આ કમાણીના સ્રોત સંપૂર્ણપણે ઠપ થઈ ગયા છે. આ એ પૈસા હતા જે ઈરાનની જનતાના હતા, પરંતુ ત્યાંના ટોચના નેતાઓ પોતાના હિતો માટે તેનો દુરુપયોગ કરી રહ્યા હતા. ઈરાન સાથે ચાલી રહેલી વાટાઘાટો અંગે પણ બેસેન્ટે મહત્વની ટિપ્પણી કરી છે. તેમણે જણાવ્યું કે, તાજેતરની સૈન્ય કાર્યવાહી બાદ ઈરાનનું ટોચનું નેતૃત્વ હટી ચૂક્યું છે અને અમેરિકા હવે ઈરાનના થર્ડ લેયરના નેતાઓ સાથે વાતચીત કરી રહ્યું છે. ઈરાનની સત્તા હાલ બે મુખ્ય જૂથોમાં વહેંચાયેલી છે - એક તરફ ધાર્મિક નેતૃત્વ છે, જ્યારે બીજી તરફ ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સનો પ્રભાવ છે. કોઈપણ કરાર કે સમજૂતી માટે આ બંને પક્ષોને સાથે લાવવા જરૂરી છે.

## અમેરિકાના વર્જિનિયામાં હાઈવે પર બેકાબૂ બસે ૬ વાહનને અડફેટે લીધા: ૫ના મોત, ૩૪ ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)વર્જિનિયા

અમેરિકાના વર્જિનિયામાં એક ભયાનક રોડ એક્સીડન્ટ થયું છે. અહીં ઈન્ટરસ્ટેટ-95 પર એક બેકાબૂ બસે ટ્રાફિક વર્ક ઝોનના કારણે ધીમી પડેલી ગાડીઓને જોરદાર ટક્કર મારી દીધી હતી. આ કાળજું કંપાવી દેનારા અકસ્માતમાં 5 લોકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે 34 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. સ્થાનિક રાજ્ય પોલીસ દ્વારા શુક્રવારે આ અંગેની સત્તાવાર માહિતી આપવામાં આવી હતી.આ એક્સીડન્ટ શુક્રવારે સવારે સ્ટેફોર્ડ કાઉન્ટીમાં સાઉથબાઉન્ડ I-95 હાઈવે પર થયું હતું. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, હાઈવે પર આગળ સમારકામ ચાલતું હોવાના લીધે વાહનોની સ્પીડ ધીમી પડી ગઈ હતી. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક બસનો ડ્રાઈવર આગળનો ટ્રાફિક



જોઈને સમયસર બ્રેક મારી શક્યો ન હતો. જેના કારણે બેકાબૂ બસે આગળ જઈ રહેલી એક પછી એક એમ કુલ છ ગાડીઓને પાછળથી જોરદાર ટક્કર મારી દીધી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે બધી ગાડીઓનો કુરચો બોલી ગયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં જીવ ગુમાવનારા તમામ 5 કમનસીબ લોકો બસની અડફેટે આવેલી ગાડીઓમાં સવાર હતા. અકસ્માતમાં ઘાયલ થયેલા 34 લોકોમાંથી ત્રણની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. આ ભયાનક ટક્કર બાદ પણ બસ ડ્રાઈવરનો આબાદ બચાવ થયો છે. પોલીસે હાલ તેની અટકાયત કરી લીધી છે અને તેની સામે ગુનાહિત બેદરકારી બદલ કાયદેસરના આરોપો નક્કી કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.ઘટના બાદ તુરંત જ રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. 'મેરી વોશિંગ્ટન હેલ્થકેર' હોસ્પિટલમાં 19 ઘાયલોને દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી સાત લોકોને ગંભીર હાલતમાં ટ્રોમા સેન્ટરમાં ખસેડાયા હતા. હાલમાં ત્રણ લોકો હજુ પણ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે, જ્યારે બાકીના સામાન્ય ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર બાદ રજા આપી દેવામાં આવી છે.આ અકસ્માતની ગંભીરતાને જોતા નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ દ્વારા પણ તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને તેમની એક વિશેષ ટીમ ઘટનાસ્થળે તપાસ માટે રવાના કરાઈ છે. અકસ્માત બાદ બંધ કરાયેલી હાઈવેની સાઉથબાઉન્ડ લેન બપોર સુધીમાં ફરી ખોલી દેવામાં આવી હતી, પરંતુ હજુ પણ ત્યાં ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી રહી છે.

## જમીન વિવાદમાં એક જ પરિવારના ૬ લોકોની ક્રૂરતાપૂર્વક હત્યા કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

કર્ણાટકના વિજયાપુરા જિલ્લામાંથી એક હૃદયકંપાવી દેનારી ઘટના સામે આવી છે. અહીં લાંબા સમયથી ચાલી રહેલા જમીન વિવાદના કારણે એક જ પરિવારના સભ્યો સહિત કુલ ૬ લોકોની હત્યા કરવામાં આવી છે. પોલીસ દ્વારા શુક્રવારે આપવામાં આવેલી માહિતી અનુસાર, હત્યારાઓએ પહેલા આ લોકોને ગોળી મારી દીધી હતી અને ત્યારબાદ અત્યંત ક્રૂરતાપૂર્વક કુહાડીથી તેમના શબના ટુકડા કરી નાખ્યા હતા. આ લોહિયાળ ઘટના વિજયાપુરા જિલ્લાના ચડચાન પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા ગોવિંદપુર ગામમાં બની છે. જીવ ગુમાવનારા તમામ ૬ લોકો ગોવિંદપુર ગામના જ વતની હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે ગામમાં રહેતા 'નિરાલે' અને 'ગોલાગી' પરિવાર વચ્ચે છેલ્લા ઘણા સમયથી જમીનની માલિકી બાબતે મોટો વિવાદ ચાલી રહ્યો હતો. પોલીસને પ્રબળ આશંકા છે કે આ જૂની અદાવતનો બદલો લેવા માટે ગોલાગી પરિવારના સભ્યોએ પૂર્વઆયોજિત કાવતરું ઘડીને આ ભયાનક હુમલાને અંજામ આપ્યો છે.

આ ઘાતકી અકસ્માતમાં જીવ ગુમાવનારા છ લોકોના નામ ચંદુ નિરાલે, દુંદપ્પા નિરાલે, શિવપુત્ર નિરાલે, રાહુલ નિરાલે, સમર્થ નિરાલે અને શબ્બીર નદાફ છે.

એકસાથે ૬ લોકોની હત્યા થતાં જ સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ છે અને ગામમાં તણાવપૂર્ણ માહોલ સર્જાયો છે. ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ગુનો નોંધીને તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા છે.









### વિનેશ ફોગાટે ૭-૧થી મારી બાજી

## એશિયન ગેમ્સના ટ્રાયલ્સમાં વિનેશ ફોગાટની શાનદાર જીત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એશિયન ગેમ્સની પસંદગી (સિલેક્શન) માટે ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં ચાલી રહેલા ટ્રાયલ્સમાં વિનેશ ફોગાટ 53kg વજન વર્ગમાં ભાગ લઈ રહી છે. તેણે પોતાની પહેલી મેચ મોટા અંતરથી જીતી લીધી છે. તેણે હરિયાણાની જ્યોતિને ૭-૧ થી હરાવી છે. તમને જણાવી દઈએ કે આજે સવારે વિનેશ કઈ કેટેગરીમાં રમશે? તેને લઈને ઘણો હોબાળો થયો હતો. વાસ્તવમાં જ્યારે તેને જણાવવામાં આવ્યું કે તેને માત્ર 50kg વર્ગમાં જ સ્પર્ધા કરવાની પરવાનગી મળશે, ત્યારે આ મહિલા કુસ્તીબાજે તેનો વિરોધ કર્યો હતો અને ફેડરેશન પર ભેદભાવનો આરોપ લગાવ્યો હતો.

શુક્રવારે સુપ્રીમ કોર્ટ તરફથી રાહત મળ્યા બાદ વિનેશ ફોગાટનો એશિયન ગેમ્સમાં સિલેક્શન માટે ટ્રાયલ આપવાનો રસ્તો સાફ થયો હતો. તે ૫૩કિગ્રા વજન વર્ગમાં ભાગ લઈ રહી છે. જ્યારે તેને કહેવામાં આવ્યું કે તેને માત્ર ૫૦કિગ્રા વર્ગમાં જ સ્પર્ધા કરવાની પરવાનગી મળશે, ત્યારે તેણે તેનો વિરોધ કર્યો હતો. WFI ના પ્રમુખ સંજય સિંહે જણાવ્યું કે, જ્યારે વિનેશે આરોપો લગાવ્યા ત્યારે અમે તેને વજન કરવાની મંજૂરી આપી હતી. તેનું વજન ૫૩.૯ હતું, તેથી તેને ૫૩કિગ્રા કેટેગરીમાં સ્પર્ધા કરવાની મંજૂરી આપી દેવામાં આવી.

ટ્રાયલ શરૂ થતાં પહેલાં વિનેશ ફોગાટે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, તેનો ઈરાદો આગામી ઓછામાં ઓછા ૨ વર્ષ સુધી પ્રોફેશનલ કુસ્તી ચાલુ રાખવાનો છે.

